Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓ અને હિન્દુ કુંભાર સમાજ

**પ્રજાપતિ ભાવેશકુમાર કાન્તિલાલ**
મદદનીશ પ્રાધ્યાપક – ઈતિહાસ
સરકારી વિનયન અને વાણિજ્ય
કોલેજ - જાદર

ભારતવર્ષ પ્રાચીનકાળથી જ 'વિવિધાતામાં એકતા' ધરાવતો પ્રદેશ રહ્યો છે. જે 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના સાથે સમગ્ર વિશ્વ સાથે પ્રાચીનકાળથી રાજકીય અને આર્થિક સંબંધો ધરાવે છે. ભારતના ઈતિહાસ પર ઝલક કરીએ તો જાણવા મળે છે કે ભારતભૂમિ આર્થિક સમૃદ્ધિ ધરાવતો પ્રદેશ હોવાની સાથે સાથે સામાજિક અને સાંસ્કૃતિક ધરોહર ધરાવતો પ્રદેશ પણ છે. જેનાથી આકર્ષાઈને સમયે સમયે મધ્ય એશિયા અને અન્ય પ્રદેશોની જુદીજુદી પ્રજા અને શાસકોએ આક્રમણો કર્યા. કોઈએ ભારતમાં પોતાની સત્તા જમાવવા પ્રયાસ કર્યા તો કોઈએ માત્ર આર્થિક લાભ લેવા માટે  આક્રમણ કર્યાના ઐતિહાસિક પુરાવા જોવા મળે છે. આ પ્રકારની ભયાવહ અને વિકરાળ સ્થિતિમાં પણ ભારતની પ્રજા પોતાની સંસ્કૃતિ ખુમારી સાથે જાળવી રહી છે. જે બતાવે છે કે આ ભારતીય પ્રજા વિદેશી પ્રજાઓની જેમ સત્તા લોલુપ અને લાલચુ નહીં, પણ પોતાની સંસ્કૃતિ અને સમાજની જાળવણીમાં જ રસ ધરાવે છે.

ભારતમાં હિન્દુ સમાજવ્યવસ્થાનો પાયો વર્ણવ્યવસ્થા પર આધારિત છે. જે પ્રાચીનકાળથી સમાજના વર્ગોમાં કાર્યો વિભાજિત કરતી એક સુવ્યવસાથા છે. જેનાથી માનવસમાજ એકબીજાની જરૂરિયાતોની પૂરક પૂર્તિ કરે છે. જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર - એમ ચાર વર્ણો અસ્તિત્વમાં હતા. આ પૈકીના શૂદ્ર વર્ગમાં કારીગરવર્ગનો સમાવેશ સેવાના હેતુથી થતો હતો. જેમાં સુથાર, લુહાર, કુંભાર, સોની વગેરે જેવા કારીગર સમૂહોનો સમાવેશ થતો હતો. આ કારીગર વર્ગો એકબીજા સાથે વસ્તુ વિનિમય પ્રથાથી સંબંધો ધરાવતા હતા. જે ભારતીય સંસ્કૃતિની એક આગવી ખાસિયત ગણાવી શકાય. અહીં અભ્યાસકે કુંભાર સમાજનું ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં પ્રદાન અંગે અભ્યાસ હાથ ધરવાનો પ્રયાસ કર્યો છે. અહીં 'કુંભાર'ને સ્થાને કોઈક જગ્યાએ 'પ્રજાપતિ' શબ્દ પ્રયોજ્યો છે. જે કુંભાર જ્ઞાતિ અને સમાજની જ અટક છે જ સર્વવિદિત છે.

- **ચાવીરૂપ શબ્દો :** સમાજ, સંસ્કૃતિ, સંસ્કૃતિકરણ, કુંભારીકામ, સાંસ્કૃતિક પરંપરાઓ.

સૌ પ્રથમ અહીં આપણે સમાજની સંકલ્પના સમજવાનો પ્રયાસ કરીશું. જુદાજુદા વિદ્વાનો દ્વારા આપવામાં આવેલી સમાજની સંકલ્પના સમજીએ.

- ભગવદગોમંડલમાં આપેલ સમાજનો પારિભાષિક અર્થ, “એક સરખા ધર્મ કે આચરણવાળો જન સમુદાય; વ્યવસ્થિત જન સમુદાય; જનતા; જનમંડળ; જનસમૂહ; શિષ્ટ સમાજ; સોસાયટી.”

સમાજ  એ સામાજિક સંબંધોનું ગૂંફન છે. જે અનુસાર સમાજને બે પ્રકારે સમજી શકાય : (૧) જૈવિક સમાજ અને (૨) સામાજિક સાંસ્કૃતિક સમાજ.

સમાજમાં અમુક લાંબા સમય સુધી એક એક સમૂહમાં રહેતા લોકો સર્વ સામાન્ય વિચારસરણી અને રહેણીકરણીની રીતો વિકસાવે અને અપનાવે છે. જેને 'સંસ્કૃતિ' કહી શકાય. સંસ્કૃતિ સમૂહની આંતરક્રિયાથી ઉદભવે છે.

- ટાઈલરના મતે, "સમાજના સભ્ય તરીકે મનુષ્યો જ્ઞાન, કળા, માન્યતા, નીતિ, રિવાજ વગેરે જે કઈ પ્રાપ્ત કર્યું હોય તેવા જટિલ જથ્થાને 'સંસ્કૃતિ' કહેવામાં આવે છે"

માનવસમાજમાં સંસ્કૃતિકરણ અને સંસ્કૃતિ એકબીજા સાથે સંકળાયેલા છે. સંસ્કૃતિકરણ એવી પ્રક્રિયા છે જે કોઈ નિમ્ન ગણાતી હિન્દુ જ્ઞાતિ, આદિવાસી જૂથો કે અન્ય જૂથો પોતાના રીતરિવાજો, ધાર્મિક વિધિઓ, વિચારસરણી અને જીવન પદ્ધતિને કોઈ ઉચ્ચ મનાતી જ્ઞાતિની દિશા અને કક્ષા અનુસાર બદલે છે. એકબીજાના રીતરિવાજો અને પ્રથાઓ વગેરે અપનાવે છે. વર્તમાન સમયમાં ભારતમાં લગભગ મોટાભાગના સમાજો અને જ્ઞાતિઓ એકબીજાની પ્રથાઓ અને પ્રણાલિકાઓથી પ્રભાવિત થયેલા જોવા મળે છે. એકબીજાની સંસ્કૃતિની આપ-લે કરે છે. જેમાં આ સંશોધન લેખમાં અભ્યાસકે તરીકે ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓમાં કુંભાર સમાજે આપેલા પોતાના પ્રદાન વિષે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

- **કુંભાર શબ્દની સંકલ્પના અને અર્થ :**

કુંભાર શબ્દ માટીકલા અને માટીકામ સાથે સંકળાયેલો છે. માટી કુંભારોની અધિષ્ઠાત્રી છે. કુંભાર શબ્દનો અર્થ થાય છે "કુભ બનાવનાર.". જેઓના માટે બીજો શબ્દ "દલવાડી અર્થાત માટી(દલ) વડે આજીવિકા મેળવનાર." કુંભારો માટે "ઓઝા અર્થાત ઓજસ, પ્રકાશ કે જ્ઞાન ધરાવનાર."

આ બધાથી સર્વ સામાન્ય શબ્દ વપરાય છે 'પરજાપત'. જેનો અર્થ થાય છે 'જનસમાજની આબરૂ જાળવનાર, ટકાવનાર.' અહીં આબરૂ એ એવા અર્થમાં વપરાયો છે કે જે સમાજમાં પોતાની માટીકલાથી માટીના પાત્રો બનાવીને લોકોની જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડે છે. જેમાં માનવના જન્મથી માંડીને મૃત્યુ સુધીની જીવનયાત્રામાં માટીનાં પાત્રો પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપયોગ થાય છે. જે એક પ્રાચીનકાળથી ચાલી આવતી સંસ્કૃતિ મનાય છે. તો તેને વિશેષ સમજવાનો પ્રયાસ કરીએ.

- **ભારતીય સંસ્કૃતિ અને કુંભાર સમાજ :**

માટીના વાસણો બનાવવાનો વ્યવસાય માનવ ઈતિહાસમાં સૌથી પુરાણો હુન્નર મનાય છે. જે કુંભારીકામ તરીકે ઓળખાતી કલાની વિશેષરૂપે પદ્ધતિ નવપાષાણયુગ દરમિયાન શોધાઈ હશે એવું મનાય છે. આ માટીના વાસણોને બનાવ્યા પછી તેને લાંબો સમય ટકાવી શકાય તે માટે તેને 'નીંભાડા'માં આગમાં પકવવામાં આવે છે. તથા આકર્ષક લાગે તે માટે તેનો લાલ, કાળા અને સફેદ ઘેરુથી રંગવામાં આવે છે. ભારત જ નહીં, વિશ્વમાં જ્યાં જ્યાં માનવસમાજ વસે છે ત્યાં ત્યાં માટીનાં પાત્રો અસ્તિત્વ ધરાવે છે. જે આ કુંભાર સમાજની સાર્વત્રિકતા અને જનસમુદાયમાં તેઓના પ્રદાનની સાક્ષી પૂરે છે. કુંભારો દ્વારા બનાવવામાં આવતા પાત્રો ૩૬ પ્રકારના છે : (૧) માટલી, (૨) માટલું,(૩) ગોળો, (૪) માણ, (૫) માણિયો, (૬) તાવડી, (૭) કોડિયું, (૮) છાશની મોટી ગોળી, (૯)

કથરોટ, (૧૦) ગરબો, (૧૧) નળિયાં, (૧૨) છાશની દોણી, (૧૩) ગાગર બેડિયું, (૧૪) રામૈયું (રામપાતર), (૧૫) ચકલો, (૧૬) પડઘલો, (૧૭) ગડું, (૧૮) ઢાંકણી, (૧૯) લોટી, (૨૦) આવળિયું, (૨૧) ગુજરડો, (૨૨) મોરિયો, (૨૩) ઘડુલોટી, (૨૪) બતક, (૨૫) ધૂણિયો, (૨૬) જાકરો, (૨૭) કદો (પાટિયો કે નાકાવાળી કડાઈ), (૨૮) ઘીની વાઢી, (૨૯) કૂંડું-કૂંડી, (૩૦) તાવો, (૩૧) કુલડી ભંભો, (૩૨) કદહળી, (૩૩) હેણાની કૂંડી, (૩૪) ધોધા, (૩૫) સાંતક્યિા, (૩૬) મોભિયો.

માટીનો સંબંધ માનવશરીર સાથે જેમ છે તેવો સંબંધ માટીનો માનવજીવન સાથે પણ અજોડ છે. ઉપરોક્ત માટીના પાત્રો દૈનિક પ્રવૃત્તિઓમાં વપરાશ માટે તો વપરાય જ છે, પણ માનવસમાજમાં શુભ-અશુભ પ્રસંગોએ પણ આ જ માટીનાં પાત્રો પૈકીનાં કેટલાક ધાર્મિક પ્રસંગોએ વપરાય છે. જેની ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જાણવાનો પ્રયાસ કર્યો છે.

- **હિન્દુ ધર્મના સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગો સાથે કુંભાર અને તેના માટીના પાત્રોની પરંપરા:**

ભારતમાં હિન્દુઓના સામાજિક અને સાંસ્કૃતિક તથા ધાર્મિક પ્રસંગોએ પ્રાચીનકાળથી ચાલી આવતી સાંસ્કૃતિક પરંપરાઓમાં કારીગર વર્ગો પોતાનું યથાયોગ્ય યોગદાન આપે જ છે. જેમ કે, સુથાર, લુહાર, મણિયારી, સાળવી, ફૂલમાળી, મોચી, કુંભાર વગેરે. આ પૈકી કુંભાર સમાજનું પ્રદાન અને સ્થાન પ્રાચીન સમયથી ચાલી આવતી હિન્દુ સમાજની ધાર્મિક અને સામાજિક - સાંસ્કૃતિક પ્રસંગોની પરંપરાઓમાં ન ટાળી શકાય તેવું છે.

(૧) મૂહુર્ત માંડવો : લગ્ન પ્રસંગે થતો 'માંડવો મુહૂર્ત વિધિ' હિન્દુ સમાજોમાં અનિવાર્ય છે. આ વિધિમાં કન્યાપક્ષની સ્ત્રીઓ સંગીતના સૂર સાથે ફટાણાં ગાતી ગાતી કુંભારના ઘરે ચાકપૂજા કરવા અને માટીનો કુંભ લેવા જાય છે. કુંભારના ચાકની પૂજા કંકુ, ચોખા અને ફૂલથી કરે છે અને કુંભારને દાન-દક્ષિણા રૂપે શ્રીફળ, ચોખા, ગોળ તેમજ સાડી આપી માટીના કુંભ સાથે પરત ફરે છે.

(૨) ચાકપૂજા : "માટીના વાસણ બનાવવામાં વપરાતા કુંભારના ચકડાને હિન્દુઓના ધાર્મિક પ્રસંગોએ ચાકડો પૂજવાની કે વધાવવાની પ્રથા જોવા મળે છે. જે પ્રગતિ અને પવિત્રતાનું સૂચક છે. આ પ્રસંગે કુંભાર અને ચાકડાને ચાંલ્લો કરવો, ગીત(ફટાણાં) ગાવાં, ઘીનો દીવો કરવો, ટકો મૂકવો વગેરે સાંસ્કૃતિક અને ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે.

(૩) ગોત્રદેવ (ગોત્રીજો)ની સ્થાપના : હિન્દુ સમાજની લગ્નવિધિમાં જેવી રીતે કંકોત્રી આપી સગાં-વહાલાંને તેડાવીએ છીએ તેમ પોતાના પૂર્વજ કે કૂળદેવ(ગોત્રદેવ, ગોત્રજ કે ગોતરડાં)ને પ્રાચીન અને પવિત્ર પરંપરા મુજબ દેવ સમાન માની પ્રજાપતિ(કુંભાર)ના ઘરેથી માત્ર બે માટીના ઘડારૂપે પોતાના ઘરે આમંત્રે છે. જેના વિકલ્પમાં તાંબા કે પિત્તળના ઘડા વપરાતા નથી. આ સાંસ્કૃતિક પરંપરા અનુસાર સ્ત્રીઓ પ્રજાપતિના ઘેર ગોત્રદેવ લેવા જાય છે. જ્યાં ગોર(બ્રાહ્મણ) પૂજા કરે છે, માળી ફૂલહાર ચઢાવે છે તથા હજામ સેવાચાકરી તથા પાણી પાવાનું કામ કરે છે અને પછી

ગોત્રજ લેવાય છે. સાથે દાન-દક્ષિણા રૂપે કુંભારને અક્ષત - અચ્છાનું (સવાશેર થી પાંચશેર), ગોળ (સવાશેર), ઘી (પાશેર) તથા વસ્ત્ર વગેરે અપાય છે અને પવિત્ર પ્રસંગને નિર્વિઘ્ને પૂરો કરવાની આ પરંપરા ચાલી આવે છે.

(૪) ગુર્જર કે ગુજરડાં (કુંભાર) : હિન્દુઓની સાંસ્કૃતિક પરંપરા મુજબ લગ્ન પ્રસંગે ગ્રહશાંતિ કરવા જરૂરી ગુજરડાં કે ગુર્જરો કુંભારો(પ્રજાપતિ)ની હાજરીના પ્રતીકરૂપે માટીમાંથી બનેલા ગુજરડાં મૂકવામાં આવે છે. જે હિન્દુ સમાજના લગભગ બધા જ્ઞાતિ સમૂહોમાં જોવા મળે છે. ઉત્તર ભારતના ગુજજરો દક્ષિણ તરફ વસ્યા અને ગુજરાતમાં જે ગુર્જર તરીકે ઓળખાયા. આ ગુર્જરો પોતાના મૂળ સમૂહની યાદગીરી રૂપે લગ્ન પ્રસંગે ગ્રહશાંતિ વિધિમાં ગુર્જરડાં મૂકે છે. હાલ ગુર્જરો(કુંભારો) સિવાય અન્ય જ્ઞાતિઓ પણ આ ગુજરડાં લાવવાની સાંસ્કૃતિક પરંપરા અપનાવે છે.

(૫) ચોરિ(ઉતરડ) : લગ્નમંડપમાં પ્રજાપતિ દેવોની હાજરીના પ્રતીકરૂપે હાલના હિન્દુ સમાજોમાં પ્રજાપતિ(કુંભાર)ની હસ્તકૃતિ એવી ઉતરડની ગોઠવણી મંડપની ચારેબાજુ ગોઠવી પ્રજાપતિ દેવોની હાજરીનો સ્વીકાર કરાય છે. જે પ્રજાપતિ(કુંભાર) જ્ઞાતિના લગ્નમંડપમાં જોવા મળતી નથી. કોઈ જગ્યાએ તાંબા પિત્તળના ઉતરડની પણ ગોઠવણ જોવા મળે છે. જે અંતે તો તે ધાતુની ઉતરડ પણ કંસારા જેવા કારીગર વર્ગે જ બનાવ્યા છે. લગ્નની જગ્યા પર એક સાથે દંપતીના સાક્ષી તરીકે જે તે સમાજ અને જ્ઞાતિના વડીલોને નિમંત્રણથી, દેવોને મંત્રોચ્ચારથી, પૂર્વજોને ગોતરડાંથી, વિશ્વકર્માને ધાતુ - માટીની ઉતરડથી હાજર રાખવાની પ્રથા હાલ પણ બધી હિન્દુ જ્ઞાતિઓ અને સમાજોમાં જોવા મળે છે.

(૬) કુંભપૂજા : ભારતીય સમાજોમાં થતાં સામાજિક અને સાંસ્કૃતિક શુભ કાર્યો જેવા કે વાસ્તુપૂજન, સીમંત સંસ્કાર, જાતર, હોમ, હવન, લગ્ન, ગૃહપ્રવેશ વગેરે શુભ પ્રસંગોએ જવારા વાવેલાં રામપાત્ર (સાખીયાં) કે જે નાના કુંભની ઉપર મૂકી પ્રજાપતિ દેવોની પૂજા કરી આશીષ શ્રદ્ધાપૂર્વક મેળવવામાં આવે છે. જે પ્રાચીનકાળમાં ખાતરીપૂર્વક માનેલ સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરા હાલ પણ લગભગ બધા હિન્દુ સમાજોમાં જોવા મળે છે.

(૭) કુંભાર (કુંભકાર)નું ગોરપદું : શ્રીયુત નારાયણ ગોવિંદ ચાપેકર (બ્રિટિશ પેન્શનર) કે જે બદવાપુર (મુંબઈ)ના વતની કે જેમણે પોતાના પુસ્તકમાં જણાવ્યું છે કે "કુંભારનું પુષ્કળ જ્ઞાતિઓમાં લગ્નક્રિયામાં તથા ઉત્તરક્રિયા(મરણ પછી સરાવવું)માં માનભર્યું સ્થાન છે." આમ, મહારાષ્ટ્રમાં ચાંભાર, ભોઇ, તેલી, હપસાણી, આગટી જેવી જ્ઞાતિઓમાં ધાર્મિક ક્રિયા માટે કુંભાર(પ્રજાપતિ)ને બોલાવવાનો રિવાજ છે. કુંભારનું ઘર પાણી પીવા માટેનું શુભ સ્થળ મનાય છે. બ્રાહ્મણો ગરુડપુરાણ વાંચે છે તેમ કુંભારો(પ્રજાપતિઓ) પાંડવોનું આખ્યાન કરે છે. લગ્ન પ્રસંગે ગૌરીહાર, વટી, આયરીના પ્રસંગોએ કુંભાર(પ્રજાપતિ)ના ઘેર જઇ પાનનું બીડું, પૈસો, સોપારી, સીધું આપવાનો રિવાજ છે. જે બ્રિટિશકાલીન સમયમાં નોંધાયેલ જોવા મળે છે.

(૮) ગણેશ માટલી (માહ્ય માટલી) : લગ્ન પ્રસંગે ગણેશ સ્થાપન સાથે જ કુંભારને ઘેરથી માટલી લાવીને તેમાં દીપ પ્રગટાવી પ્રસંગ પૂરો થાય ત્યાં સુધી મૂકાય છે. જે હાલ લગભગ તમામ હિન્દુ સમાજો અને જ્ઞાતિઓમાં આ સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રથા જોવા મળે છે.

(૯) વરધ(વંશવૃદ્ધિ) કુંભ : દરેક હિન્દુ જ્ઞાતિ અને જ્ઞાતિ પરિવાર પોતાના કૂળની વૃદ્ધિ માટે પ્રજાપતિ દેવ-દેવીઓના આશીષ મેળવવા કુંભાર(પ્રજાપતિ)ઓને ઘેર જાય છે અને દાન-દક્ષિણા આપી વંશવૃદ્ધિના આશીષરૂપે સાત જોડ કુંભ લાવે છે અને તેમાં પાણી ભરી લગ્નમંડપમાં સદભાવના સાથે મૂકે છે. આ પરંપરા હિન્દુ સમાજોમાં જોવા મળે જ છે.

(૧૦) માઢ્ય(મહા) માટલું : કન્યાની વિદાય વખતે તેના સાસરી પક્ષમાં તે સુખી અને વૈભવી જીવન જીવે તેના પ્રતીકરૂપે કુંભાર (પ્રજાપતિ)ના ઘરેથી માટી કે કંસારાને ત્યાથી તાંબા-પિત્તળની માટલી આપવામાં આવે છે. જે પરંપરા હાલ પણ લગભગ તમામ હિન્દુ સમાજો અને જ્ઞાતિઓમાં જોવા મળે છે.

(૧૧) સીમંત કુંભ : મનવાંછિત સંતાન પ્રાપ્તિ માટે પ્રજાપતિ દેવોના આશીર્વાદ મેળવવા માટે કુંભારને ત્યાંથી હાથે ઘડેલો અને ચીતરેલો અક્ષત(ચોખા) ભરેલો કુંભ સીમંત વિધિમાં અપાય છે.

(૧૨) વાસ્તુ કુંભ : નવીન ઘર કે મકાનમાં ગૃહપ્રવેશ સમયે સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રજાપતિ દેવોના આશીષ મેળવવાના પ્રતીકરૂપે માટીનો વાસ્તુ કુંભ મૂકવાની પ્રથા હાલ તમામ હિન્દુ સમાજ અને જ્ઞાતિઓમાં જોવા મળે છે.

(૧૩) જવારા કુંભ : શુભ અને માંગલિક પ્રસંગે પૂજાવિધિ સમયે જવારા અને પાણી ભરેલો કુંભ અગ્રસ્થાને રખાય છે.

(૧૪) ટાઢી કુંભ : મરણોત્તર ક્રિયા માટે મૃતકના આત્માની શાંતિ માટે તેની રાખોડીને ટાઢી કરવાની ક્રિયા (ઠંડી કરવા) માટે કુંભારને ત્યાંથી કોરો અને નવો ઘડો લઈ જવાની પ્રથા હાલ પણ શ્રદ્ધાપૂર્વક થાય છે. જેની સાથે પ્રજાપતિ દેવોના આશીષ મેળવવાની ભાવના પણ સંકળાયેલી છે.

(૧૫) છારોડીઆ : મરણોત્તરની ક્રિયામાં મૃતકના શરીરની રાખ અને હાડકાંની પવિત્ર નદીમાં વિસ્તરણ કરવા માટે શ્રાદ્ધ સરવ્યા પછી મોકલવા ત્રિલોકના પ્રતીકરૂપે ત્રણ માટીના પાત્રો ઝાંપા સુધી વળાવાય છે. જેની પાછળ પ્રજાપતિ દેવોના આશીષની ભાવના રહેલી છે. જે સાંસ્કૃતિક પરંપરા હાલ પણ હિન્દુ સમાજોમાં જોવા મળે છે.

- **ભારતના પૂર્વાંચલ પ્રદેશોમાં જોવા મળતી કુંભારોની શિલ્પકળા અને સાંસ્કૃતિક પરંપરાઓ :**

પૂર્વ ભારતમાં કુંભારોને ‘કુંભકાર’ અથવા ‘પતુઆ’ તરીકે ઓળખવામાં આવતા. આસામમાં માટીના શિલ્પોના કલાકાર પુરુષો નહિ, પણ સ્ત્રીઓ છે. આ આસામી પ્રજાપતિઓમાં ‘હીરા’ અને ‘કુમાર’ નામની બે શાખાઓની બહેનો શિલ્પકલામાં કાબેલ અને પારંગત છે. પૂર્વાંચલના ગૌહાટીના કામાક્ષી મંદિર સાક્ષ્ય પૂરે છે કે આ પ્રદેશમાં માતૃકા સંપ્રદાય અથવા શક્તિ સંપ્રદાયનું પ્રચલન હતું. અહીંના ભારતીય હિન્દુ સમાજોમાં રામ-સીતા વિવાહ, શંકર - પાર્વતી વિવાહ, રાધા - કૃષ્ણ વિવાહ જેવા ઉત્સવો ઉજવાય છે. આ ઉત્સવોમાં વર - કન્યાની પકવેલી માટીની મૂર્તિઓ બનાવી ઉત્સવ ઉજવ્યા બાદ તેને વડના ઝાડના લાકડાના તરાપામાં મૂકી, બે સફરજનનો અર્ધ્ય આપી, નદીમાં પધારવવામાં આવે છે. નિ:સંતાન દંપતી પણ આવી પ્રણાલિકા અપનાવે છે. આ પરંપરા રિવાજ સ્વરૂપે વર્ષોથી ચાલતી હોવાના પુરાવારૂપે પૂર્વાંચલની નદીઓના પટમાંથી અસંખ્ય મૃતશિલ્પો પ્રાપ્ત થયાં છે. જેના આધારે એ સમયના કુંભારો (પ્રજાપતિઓ)ની કલાનુ મહત્વ અને કારીગરીની કુશળતા સાથે તેઓની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરામાં પ્રદાન અને ફાળો જાણવા મળે છે.

આજે પણ આ કળા આસામના ‘માજુલીનગર’ અને ‘લોઅર આસામ’માં જોવા મળે છે. આ કલાનું બીજું કેન્દ્ર ગૌરીપુર નગરની પાસે આવેલ ‘અશ્કર્કિન્ડી’ ગામ છે. આ મૃતશિલ્પોની શૈલી નગ્ન નથી, પણ સમગ્ર દેહને કપડાં પહેરાવેલાં છે તથા માથું, ગળું, હાથ વગેરે અંગો ઘરેણાંથી સુશોભિત છે તેથી તદન અલગ દેખાઈ આવે છે. દક્ષિણ કામરૂપ જિલ્લામાં હાથી, ઘોડા, હરણ જેવાં પશુઓની મૂર્તિઓ બને છે. ક્યાંક હાથી પર મહાવત અને ઘોડા પર અસવાર બેઠેલો બતાવવામાં આવ્યો છે. આ કલા પૂર્વાંચલ ભારતના પ્રજાપતિઓની છે. જે પ્રાચીન સમયમાં તેનું કલાકૌશલ્ય અને સાંસ્કૃતિક પ્રદાન બતાવે છે અને માનવસમાજમાં કુંભાર જ્ઞાતિની સામાજિક અને સાંસ્કૃતિક અગત્યતા અને તેની આગવી કલાનું પ્રતિનિધિત્વ દર્શાવે છે.

- **સમાપન :** આપણે જોયું કે આ કુંભાર સમાજ કે જે માટીકામ સાથે સંકળાયેલો કારીગર વર્ગ છે. પ્રાચીન ભારતની હિન્દુ વર્ણવ્યવસ્થાનો મૂળ ઉદ્દેશ્ય માનવ સમાજો વચ્ચે જરૂરિયાતોની પૂરતી કરવાનો હતો. જે ભારતીય હિન્દુ સમાજોમાં કારીગર વર્ગોના કાર્યોની વહેંચણી પરથી જોવા મળે છે. જે પ્રાચીન ભારતીય હિન્દુ સમાજોની પરંપરાઓના સ્વરૂપે વણાઈ ગયું છે. જેમાં વસ્તુ વિનિમય પ્રથા કેન્દ્ર સ્થાને હતી. જે વર્તમાન સમાજોમાં આ પ્રથા લુપ્ત થતી જોવા મળે છે. આ અંતર્ગત કુંભાર સમાજ પણ પોતાનું યથાયોગ્ય યોગદાન આપી ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓ જાળવી રાખી ભારતીય સમાજો વચ્ચે વ્યવહારોનું સમતોલન જાળવી રાખવા પ્રયત્નશીલ છે. ભારતનો કુંભાર સમાજ પોતાનું યોગદાન ઉપર્યુક્ત માનવની જન્મની ક્રિયાઓથી લઈને તેના મૃત્યુ પછીની ક્રિયાઓ સુધી આ સમાજ પોતાનું યોગદાન આપી ભારતીય પરંપરાઓ નિભાવતો આવ્યો છે. ભારતમાં વિદ્યમાન અન્ય સમાજો પર વત્તે - ઓછે સંશોધનો અને લેખનકાર્યો થયાં છે, પરંતુ આ હિન્દુ કુંભાર સમાજ પર પ્રમાણમાં નહિવત સંશોધન થયાનું જાણવા મળે છે. અન્ય સમાજોની તુલનામાં કુંભાર સમાજ ભારતીય હિન્દુ સમાજોના સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાઓમાં પાયારૂપ સ્થાન ધરાવે છે. તેવા આ કુંભાર સમાજ પ્રત્યે સંશોધન અને લેખનકાર્ય પર કોઈ વિશેષ ધ્યાન અપાયું નથી. જો આ સમાજ પર કાર્ય કરવામાં આવે તો માનવ ઉત્પત્તિ સાથે જ અસ્તિત્વ ધરાવતા કુંભાર સમાજ વિશે ઘણું સંશોધનનું કામ થઈ શકે એમ છે. ઉપરાંત, ભારતીય સંસ્કૃતિમાં આ સમાજનું વિશેષ પ્રદાન યુગે યુગે અને સમયાનુસાર જાણી શકાય તેમ છે.

- સંદર્ભ નોંધ :

1. ભગવતસિંહજી,૨-ભાગ : ભગવદગોમંડલ" ", રાજકોટ, ૧૯૪૮.
2. ભગવતસિંહજી,૩-ભાગ : ભગવદગોમંડલ" ", રાજકોટ, ૧૯૪૮.
3. વસવેલીયા વસંતભાઇ, "વિશ્વનિર્માતા પ્રજાપતિ", વડોદરા, જૂન.૧૯૯૭-
4. "Gazetteer of India, Gujarat State, Surat District", Directorate of Govt. Printing Stationery & Publication, Gujrat State, First Edition (Surat and Broach)-1877, Revised-1962.
5. "ગુજરાત પ્રજાપતિ પરિચયગ્રંથ" , ગુજરાત પ્રજાપતિ સભા અમદાવાદ -, ૧૯૭૮.
6. ઓઝા ઈશ્વરલાલ ગિ.,"પુરાવૃત" , વિસનગર, ૨૦૦૬.